श्री सूर्यनारायण पूजा प्रा:

॥ श्रीगणेशायनमः आकृष्णेनरजसावर्त्तमानोनिवे
श्यन्नमृतंमर्त्यंच । हिरण्ययेनसवितारथेनादेवोयातिभुव
नानिपश्यन् ॥१॥ सूर्यायनमः। आवाहयामि । गंधा
क्षत पुष्पंसमर्पयामि। एवसर्वत्र। इमंदेवाअसपत्न॑ᳬसुव
ध्वंमहतेक्षत्रायमहतेज्यैठ्यायमहते ज्यानाराज्यायेंद्रसे
द्रियाय। । इममसुष्यपुत्रमसुष्यैपुत्रमस्यैविशएषवोमी
राजासोमोऽस्माकंब्राह्मणानाᳬराजा ॥२॥ चंद्रायनमः
॥ अग्निर्मुर्द्धादिवः ककुत्पतिःपृथिव्याअयं। अपाᳬरता
ᳬसिजिन्वति ॥३॥ भौमाय० ।उद्बुध्यस्वाग्नेप्रतिजागृ
हित्वमिष्टापूर्तेसᳬसृजेथामयंच । अस्मित्सधस्थेअध्युत्त
रस्मिन्विश्वेदेवायजमानश्चसीदत ॥४॥ बुधायनमः ।
बृहस्पतेअतियदर्योअर्हाद्युमद्विभातिक्रतुमज्जनेषु । य
द्दीदयच्छवसऋतप्रजा ततदस्मासुद्रविणंधेहिचित्रं॥५॥
बृहस्पतयेनमः। अन्नात्परिस्रुतोरसंब्रह्मणाव्यपिवत्क्षत्रं
पयःसोमंप्रजापतिः। ऋतेनसत्यमिंद्रियंविपानᳬशुक्रमं
धसइन्द्रस्येंद्रियमिदंपयोमृतंमधु ॥६॥ शुक्रायनमः। श

न्नोदेवीरभिष्टयआपोभवंतुपीतये । शंयोरभिस्रवंतुनः ॥७॥ शनैश्चरायनमः । कयानश्चित्रआभुवदूतिसदावृधःसखा । कयाशुचिष्ठयावृता ॥८॥ राहवेनमः॥ केतुकृण्वन्नकेतवेपेशोमर्जाअपेशसे॥ समुषद्भिरजायथाः९ केतवेनमः गणानांत्वाइत्यनेनगणेशंपूजयेत् ॥ ब्रह्मजज्ञानंप्रथमंपुरस्ताद्विसीमतःसुरुचोवेनआवः॥ सबुध्न्या उपमाअस्यविष्ठाःसतश्चयोनिमसतश्चविवः॥ब्रह्मणेनमः ॥ विष्णोरराटमसिविष्णोः श्नप्त्रेस्थोविष्णोः स्यूरसि विष्णोर्ध्रुवोसि॥ वैष्णवमसिविष्णवेत्वा ॥ विष्णवेनमः ॥ नमः शंभवायच मयो भवाय चनमः शंकरायच मयस्कराय चनमः शिवायच शिवतरायच ॥ शिवायनमः ॥ श्रीश्चतेलक्ष्मीश्चपत्न्यावहोरात्रेपार्श्वेनक्षत्राणिरूपमश्विनौव्यात्तम ॥ इष्णन्निषाणामुंमइषाण सर्वलोकंमइषाण । लक्ष्म्यैनमः ॥ ॥ अथसत्यनारायण पूजाविधिः॥ व्रतीसंक्रांतौपौर्णमास्यांचैकादश्यांयास्मिन्कस्मिन्दिने वासायंकालेस्नानंकृत्वापूजास्थानमागत्यासनेउपविश्याचम्यपवित्रधारणंकृत्वायगणेशगौरीवरुणदेवतानांप्रतिष्ठावाहनेकृत्वासंकल्पंकुर्यात् ॥ ॥ अद्येत्यादि० अमुकगोत्रोऽमुकशर्मासकलदुरितोपशमनस

र्वापच्छांतिपूर्वकसकलमनोरथसिद्ध्यर्थंयथा संपादित
सामग्र्यागणेशगौरीवरुणदेवता गणपत्यादिपंचलोक
पालदेवतासूर्यादिनवग्रहदेवतापूजनपूर्वकंपूर्वांगीकृत
श्रीसत्यनारायणपूजनकथाश्रवणमहंकरिष्ये ॥ गणेशा
दिभ्योनमः ॥ अर्घ्यपाद्याचमनीयस्नानगन्धाक्षत पुस्प
धुपदीप नैवेद्याचमनीयमुखवासतांबूलपूगीफलद्रव्या
णितत्तन्मंत्रैसमर्पयामि ॥ एवंसूर्यादिग्रहाणांतत्तन्मंत्रैः
पूजनंकुर्यात् ॥ अथसत्यनारायणपूजनप्रकारमाह ॥ ॥
॥ पुस्पंगृहीत्वाध्यानंकुर्यात् । ध्यायेत्सत्यंगुणातीतंगुण
त्रयसमान्वितम् ॥ लोकनाथंत्रिलोकेशंकौस्तुभाभरणंहरि
। १ ॥ नीलवर्णपीतवासंश्रीवत्सपदभूषितम् ॥ गोविंदंगो
कुलानंदंब्रह्माद्यैरपिपूजितं ॥ १ ॥ इतिध्यानं ॥ कागच्छा
गच्छदेवेशतेजोराशेजगत्पते ॥ क्रियमाणांमयापूजांगृ
हाणसुरसत्तम ॥ १ ॥ इत्यावाहनं ॥ नानारत्नसमायुक्तंकार्त
स्वरविभूषितं ॥ आसनंदेवदेवेशप्रीत्यर्थंप्रतिगृह्यतां ॥ २ ॥ इ
त्यासनं ॥ नारायणनमस्तेस्तुनरकार्णवतारक ॥ पाद्यंगृ
हाणदेवेशममसौख्यंविवर्द्धय ॥ ३ ॥ इतिपाद्यं ॥ व्य
क्ताव्यक्तस्वरूपायहृषीकपतयेनमः ॥ मयानिवेदित्तो

भक्त्याअर्घोयंप्रतिगृह्यतां ॥ ४ ॥ इत्यर्घ्यं ॥ मंदाकिन्या
स्तुयद्वारिसर्वपापहरंशुभं ॥ तदिदंकल्पितंदेवसम्यगा
चम्यतांत्वया ॥ ५॥ इत्याचमनं ॥ स्नानंपंचामृतैर्देव
गृहाणपुरुषोत्तम ॥ अथनाथसर्वज्ञगीर्वाणप्रणतिप्रिय
॥ ६ ॥ इतिस्नानं ॥ वेदसूक्तसमायुक्तेयज्ञसामसमन्वि
ते ॥ सर्ववर्णप्रदेदेववाससीप्रतिगृह्यतां ॥७॥ इतिवस्त्रं
॥ ब्रह्माविष्णुमहेशैश्चनिर्मितंब्रह्मसूत्रकं ॥ यज्ञोपवीत
दानेनप्रीयतांकमलापतिः ॥ ८ ॥ इतियज्ञोपवीत ॥
श्रीखंडंचंदनंदिव्यंगंधाढ्यंसुमनोहरं ॥ विलेपनंसुरश्रेष्ठ
चंदनंप्रतिगृह्यताम् ॥ ९ ॥ इतिचंदनम् ॥ माल्यादि
सुगंधीनिमालत्यादीनिवैप्रभो ॥ मयाहृतानिपूजार्थं
पुष्पाणिप्रतिगृह्यतां ॥ १० ॥ इतिपुष्पाणि॥वनस्पति
रसोद्भूतोगंधाढ्योगंधउत्तमः ॥ ॥ आघ्रेयःसर्वदेवानां
धूपोयंप्रतिगृह्यतां ॥ ११ ॥ धूपं ॥ साज्यंचवर्त्तिसंयुक्तं
वह्निनायोजितंमया ॥ दीपंगृहाणदेवशत्रैलोक्यतिमि
रापह ॥ १२ ॥ दीपं ॥ घृतपक्वहविष्यान्नंपायसंचसक
र्करं ॥ नानाविधंचनैवेद्यंविष्णोमेप्रतिगृह्यतां ॥ १३ ॥
नैवेद्य ॥ सर्वपापहरंदिव्यंगांगेयंनिर्मलंजलं ॥ आचम
नंमयादत्तंगृह्यतांपुरुषोत्तम ॥ १४ ॥ इत्याचमनं ॥ लं-

वंगकर्पूरयुतंतांबूलंसुरपूजितं ॥ प्रीत्यागृणहादेवेशम
मसौख्यंविवर्द्धय ॥ १५ ॥ इतितांबूलं ॥ इदंफलंमया
देवस्थापितंपुरतस्तव ॥ तेनमेसुफलावाप्तिर्भवेज्जन्म
निजन्मनि ॥१६॥ इतिफलं ॥ चतुर्वर्तिसमायुक्तंघृतेन
चपूरितं ॥नीराजेनसंतुष्टोभवत्येवजगत्पतिः ॥ १७॥
इतिनीराजनं ॥ यानिकानिचपापानिजन्मांतरकृतानि
च॥तानितानिविनश्यंतिप्रदक्षिणपदेपदे॥१८॥प्रदक्षिणा
णा ॥ ततःपुष्पांजलिनमस्कारांश्चकृत्वास्तुवीत ॥ यन्म
थाभक्तियुक्तेनपत्रंपुष्पंफलंजलं ॥ निवेदितंचनैवेद्यंतद्गृ
हाणानुकंपया ॥१॥ मंत्रहीनंक्रियाहीनभक्तिहीनजना
र्दन ॥ यत्पुजितंमयादेवपरिपुर्णंतदस्तुमे ॥२॥ अमोघं
पुंडरीकाक्षंनृसिंहंदैत्यसूदनं ॥ हृषीकेशांजगन्नाथंवागी
शंवरदायकं॥३॥गुणत्रयंगणातीतंगोविंदंगरुडध्वजं ॥
जनार्दनंजनातीतंजानकीवल्लभंहरिं॥ ४ ॥प्रणमामिस
दाभक्त्यानारायणमतःपरं ॥ दुर्गमेविषमेघोरेशत्रुभिः
परीपीडिते ॥५॥ निस्तारयस्वसर्वेषुतथानिष्टभयेषुच ॥
नामान्येतानिसंकीर्त्यईप्सितंफलमाप्नुयात् ॥६॥ सत्य
नारायणंदेवंवंदेहंकामदंप्रभुं ॥ लीलयाविततंविश्वंयेन
स्तस्मैनमोनमः ॥७॥ इतिप्रार्थनासमाप्त.

अथ श्री सत्यनारायण कथा प्रा:

॥ श्रीगणेशायनमः व्यासोवाच ॥

एकादानैमिषारण्येऋषयःशौनकादयः ॥
पप्रछुर्मुनयःसर्वेसूतंपौराणिकंखलु ॥ १ ॥

અયોધ્યાની સમીપે નીમીશારણ્યમાં, રહેનારા અને જોનારા, શૌનક આદી રૂષીઓ, સંપુર્ણ પુરાણો જાણનારા સૂત નામના પુરાણીને નીશ્ચયનો પ્રતા કરતા હતા. ॥ ૧ ॥

व्रतेनतपसाकिंवाप्राप्यतेवांछितंफलं ॥
तत्सर्वंश्रोतुमिछामःकथयस्वमाहामुने ॥ २ ॥

કે હે મહા મુને? કીયું વ્રત અથવા તપ કર્યાથી વાંછીત ફળ પ્રાપ્ત થાયછે, તે શ્રવણ કરવા અમે ઈચ્છા કરીએ છીએ, માટે આપ અમને કથન કરો ॥ ૨ ॥

सूतउवाच । नारदेनैवसंपृष्टोभगवान्कमलापतिः ॥
सुरर्षयेयथैवाहतच्छृणुध्वंसमाहिताः ॥ ३ ॥

એવો પ્રશ્ન શ્રવણ કરીને સૂતજી કહેછે, કોઈ કાળને વિશે દેવ રૂષી નારદજીએ શ્રીકૃષ્ણજીને વૈકુંઠમાં એવો જ પ્રશ્ન કર્યો હતો. તેમાં જે શ્રીકૃષ્ણ ભગવાને ઉત્તર આપ્યો તે જ હું તમને કહું છું તે તમો સાવધાન થઈને સાંભળો. ॥ ૩ ॥

एकदानारदोयोगीपरानुग्रहकांक्षया ॥
पर्यटन्विविधान्लोकान्मर्त्यलोकमुपागत ॥ ४ ॥

આ પ્રશ્ન શ્રીભગવાનને કરતા પેહેલાં શ્રીનારદજી રૂષી એક વખત મનુષ્ય લોકમાં પારકા ઉપર કૃપા કરવી આ હેતુથી આવ્યા

ततोदृष्ट्वाजनान्सर्वान्नानाक्लेशसमन्वितान् ॥
नानायोनिसमुत्पन्नाक्लिश्यमानान्स्वकर्मभिः ॥५॥

અને તે પછી મનુષ્ય લોકમાંના અનેક માણુસો નાના પ્રકારના કલેશ અનેક યોનીમાં જન્મ આદી ઘણા પ્રકારનાં દુખો ભોગવે છે, અને પોતાના કર્મે કરીને કલેશ પામે છે એવું જોઇને ૫

केनोपायेनचैतेषांदुःखनाशोभवेद्ध्रुवं ॥
इतिसंचिंत्यमनसाविष्णुलोकंगतस्तदा ॥६॥

કીયો ઉપાય કર્યાથી આ સર્વ. મનુષ્યનાં દુઃખ કલેશ દુર થાય, એવો વિચાર મનમાં લાવી નારદરૂષી અનેક પ્રકારોના સર્વ લોકમાંથી ફરતા ફરતા વિષ્ણુ લોકમાં ગયા. ॥ ૬ ॥

तत्रनारायणंदेवंशुक्लवर्णचतुर्भुजं ॥
शंखचक्रगदापद्मवनमालाविभूषितम् ॥ ७ ॥

વૈકુંઠમાં નારદજી ગયા, અને ત્યાં શુકલવર્ણ ચતુર્ભુજ અને દરેક હાથમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ, ધારણ કરેલાં છે. પગસુધી લટ્કનારી અને શોભા આપનારી વનમાલા કંઠમાં છે. ॥ ૭ ॥

दृष्ट्वातंदेवदेवेशंस्तोतुंसमुपचक्रमे ॥ नारदउवाच ॥
नमोवाङ्मनसातीतरूपायानंतशक्तये ॥ ८ ॥

એવા સર્વોત્તમ શ્રીનારાયણ દેવ (ભગવાન) ને જોઇ નારદરૂષીએ તેમની સ્તુતી વંદના કરવા સારૂ આરંભ કર્યો. નારદજી કહે છે. વાણી અને મન એથી પણ અતીત એવા અનંત શકતી રૂપને નમસ્કાર કરૂ છું. ॥ ૮ ॥

आदिमध्यांतहीनायनिर्गुणायगुणात्मने ॥
सर्वेषामादिभुतायभक्तानामार्तिनाशिने ॥ ९ ॥

તમો આદી મધ્ય અને અંત્ય, આ ત્રણ વગર નિરગુણ છતાં ભકતોની પીડયા મટાડવાને સગુણ થવાને આપ સર્વથી પહેલા છો અને ભકતોનાં દુઃખ દુર કરો છો ॥ ૯ ॥

श्रुत्वास्तोत्रंततोविष्णुर्नारदंप्रत्यभाषत ॥ श्रीभगवानुवाच॥ किमर्थमागतोसित्वंकिंत्तेमनसिवर्तते ॥ १० ॥

આ પ્રમાણે નારદજીએ કરેલી સ્તુતી સંભાળીને શ્રીભગવાન વિષ્ણુ નારદજીને કહેછે. હે નારદરૂષી તમો શે હેતુ મનમાં રાખી અહીં આવ્યા છો. ॥ ૧૦ ॥

कथयस्वमहाभागतत्सर्वंकथयामिते ॥ ॥ नारदउवाच॥
मार्त्यलोकेजनाःसर्वेनानाक्लेशसमन्विताः ॥
नानायोनिसमुत्पन्नाःपच्यंतेपापकर्मभिः ॥११॥

તમારા મનમાં જે કાંઈ હેતુ હોય તે મને કહો, તેનો ઉત્તર હું તમને કહીશ. એવું શ્રીભગવાનનું વાકય સાંભળી નારદજી રૂષી કહે છે. હે પ્રભો ! મનુષ્ય લોકમાં સર્વ જન અનેક કલેશથકી યુકત એવા અનેક યોનીમાં ઉત્પન્ન થઈને પાપ કર્મથી રચી પચી રહેલા છે. ॥ ૧૧ ॥

तत्कथंशमयेन्नाथलघूपायेनतद्वद ॥
श्रोतुमिच्छामितत्सर्वंकृपास्तियदितेमयि ॥१२॥

માટે તે જનોનાં દુઃખ, હે પ્રભો જે કાંઈ સહેજસાજ ઉપાયથકી એ શાંત થાય એવો ઇલાજ આપની કૃપા મારા ઉપર હોય તો આપની પાસેથી શ્રવણ કરવાની હું ઈચ્છા રાખું છું. ૧૨

भगवानुवाच॥साधुपृष्टंत्वयावत्सलोकानुग्रहकांक्षया ॥
यत्कृत्वामुच्यतेमोहात्तच्छृणुष्ववदामिते ॥१३॥

એવું નારદજી રૂષિનું ભાષણ સાંભળી શ્રી ભગવાન કહે છે. હે પુત્ર નારદજી તમે ઘણીજ સારી વાત મને પુછી લોકો ઉપર કૃપા કરવી એવી તમારી ઇચ્છા છે. તો જે વ્રત કર્યાથી તમોએ કહેલા બધા પીડારૂપી મોહમાંથી તે લોકો મુક્ત થશે એવો ઉપાય કહું છું તે સાંભળો. ॥ ૧૩ ॥

व्रतमस्तिमहत्पुण्यंस्वर्गेमर्त्येचदुर्लभं ॥
तवस्नेहान्मयावत्सप्रकाशःक्रियतेधुना ॥ १४ ॥

હે પુત્ર ઘણું પુણ્ય આપવાવાળું મનુષ્ય લોકમાં અને સ્વર્ગમાં પણ દુર્લભ એવું વ્રત છે, તે તમારી સાથે સ્નેહભાવ હોવાથી હમણાં કહું છું ॥ ૧૪ ॥

सत्यनारायणस्यैवंव्रतंसम्यग्विधानतः ॥
कृत्वासद्यःसुखंभुक्त्वापरत्रेमोक्षमान्पुयात् ॥ १५ ॥

સત્યનારાયણ દેવનું વ્રત ઉત્તમ પ્રકારે અને વિધિયુક્ત કર્યાથી માણસ તત્કાલ સુખ પામશે. અને દેહ છુટ્યા પછી પણ પરલોકમાં મોક્ષગતિને પામશે. ॥ ૧૫ ॥

तच्छ्रुत्वाभगवद्वाक्यंनारदोमुनिरब्रवीत् ॥नारदउवाच॥
किंफलंकिंविधानंकृतंकेनैवतद्व्रतम् ॥ १६ ॥

આ પ્રકારનું ઈશ્વરનું વાકય સાંભળીને નારદજીરૂષી પુછે છે કે, તે વ્રત કર્યાથી શું ફળ થશે ? અને તેનું વિધાન કેવું અને પુર્વે આ વ્રત કોણે કરેલું. ॥ ૧૬ ॥

तत्सर्वंविस्तराद्ब्रुहिकदाकार्याँहितद्व्रतम्॥ श्रीभगवानुवाच ॥दुःखशोकादिशमनंदनधान्यप्रवर्द्धनम् ।१७।

વિગેરે સવિસ્તર હકિકત ને તે વ્રત કયારે કરવું તે કહો. એવો નારદજીનો ફરીથી પ્રશ્ન સાંભળીને શ્રી ભગવાન કહે છે.

હે નારદજી આ સત્યનારાયણનું વ્રત દુખ શોક વિગેરેને મટાડવાવાળું, અને ધન્ય ધાન્યને વધારવાવાળું એવું ઘણુંજ ઉત્તમ ફળ આપવાવાળું છે. ॥ ૧૭ ॥

सौभाग्यसंततिकरंसर्वत्रविजयप्रदम् ॥
यस्मिन्कस्मिन्दिनेमर्त्योभक्तिश्रद्धासमन्वितः ॥ १८ ॥

આ વ્રત સ્ત્રીઓને સંતતિ અને સૌભાગ્યની પ્રાપ્તી કરવાવાળું એવું છે; તેમજ પુરૂષોને પણ સર્વે વિજય આપવાવાળું એવું ગમે તે દીવસે પુર્ણ શ્રદ્ધાથી ॥ ૧૮ ॥

सत्यनारायणंदेवंयजेचैवनिशामुखे ॥
ब्राह्मणैर्बांधवैश्चैवसहितोधर्मतत्परः ॥ १९ ॥

અપવાશી રહીને સત્યનારાયણ દેવની સાયંકાલની વખતે બ્રાહ્મણ અને પોતાના સગાવહાલા ઇષ્ટમિત્રને બોલાવી પુજન કરવું.૧૯

नैवेद्यंभक्तितोदद्यात्सपादंभक्ष्यमुत्तमम् ॥
रंभाफलंघृतंक्षीरंगोधुमस्यचचूर्णकम् ॥ २० ॥

આ પુજનમાં નૈવેદ્યમાં ઘઉંનો રવો પાંચ ચતુર્થાંશ લઈ તેમાં કેળાં, ઘી ખાંડ, નાંખી સારો શીરો કરીને અર્પણ કરવો. ॥ ૨૦॥

अभावेशालिचूर्णंवाशर्करांवागुडंतथा ।
सपादंसर्वभक्ष्याणिचैकीकृत्यानिवेदयेत् ॥ २१ ॥

પુજન કરનારને ઘઉંનો રવો ન મળે તો ચોખાનો લોટ લેવો ખાંડ ન હોય તો ગોળ લેવો પણ બધી જણસો સરખી એટલે પાંચ ચતુર્થાંશ લેવી. ॥ ૨૧ ॥

विप्रायदक्षीणांदद्यात्कथांश्रुत्वाजनैःसह ॥
ततश्चबंधुभिःसार्द्धंविप्रांश्चप्रतिभोजयेत् ॥ २२ ॥

પછી પોતાની શકતી પ્રમાણે દક્ષણા બ્રાહ્મણોને આપવી, અને શ્રી સત્યનારાયણ વ્રતકથા પોતાનાં સગાંવહાલાં ઈષ્ટમિત્ર સાથે શ્રવણ કરવી, તે પછી પોતાનાં સગાંવહાલાં ઈષ્ટમિત્ર તથા બ્રાહ્મણો સાથે ભોજન કરવું ॥ ૨૨ ॥

सप्रादंभक्षद्भक्त्यानृत्यगीतादिकंचरेत् ॥
ततश्चस्वगृहंगच्छेत्सत्यनारायणंस्मरन् ॥ २३ ॥

અને ભકિતએ કરી શ્રી સત્યનારાયણ આગળ નૃત્ય તથા ગાયન કરવું, એવી રીતે નદીના તીર ઉપર અથવા દેવાલયમાં એવું વ્રત કરીને શ્રી સત્યનારાયણ ભગવાનનું સ્મરણ કરતે કરતે પોતાના ગૃહે જવું. ॥ ૨૩ ॥

एवंकृतेमनुष्याणांवांछासिद्धिर्भवेध्रुवं ॥
विशेषतःकलियुगेलघूपायोस्तिभूतले ॥ २४ ॥

આ રીતે આ વ્રત ભકતીથી જે માણસ કરશે, તેની મનકામના સિદ્ધ થશે, આ ઘણુ કરીને કલિયુગમાં, અનેક તરેહની પીડાથકી જે પીડીત એવા લોકોને આ સેહેલા ઉપાયથી આ મોટા દુખમાંથી મુકત થવા સારૂ ઘણોજ નાહાનો આ મનુષ્ય લોકમાં ઈલાજ ॥ ૨૪ ॥ પ્રથમો અધ્યાય સમાપ્ત.

॥ सूतउवाच ॥ अथान्यत्संप्रवक्ष्यामिकृतंयेनपुराद्विज॥
कश्चित्काशीपुरेरम्येह्यासीद्विप्रोऽतिनिर्धनः ॥ १ ॥

સુતજી કહે છે બીજું એક કહું છું કે આ વ્રત પુર્વે રમણીય એવા કાશીક્ષેત્રને વિશે રહેનારો નિર્ધન એક બ્રાહ્મણ હતો ॥ ૧ ॥

क्षुतृड्भ्यांव्याकुलोभूत्वानित्यंबभ्रामभूतले ॥
दुखितंब्राह्मणंदृष्ट्वाभगवान्ब्राह्मणप्रियः ॥ २ ॥

તે દરરોજ ભુખે અને તરશે પીડાએલો આકુલવ્યાકુલ થઈ

કાશીક્ષેત્રમાં ફરે એ અત્યંત દુખીત બ્રાહ્મણને બ્રાહ્મણ જેને પ્રીય એવા જે શ્રીભગવાન એમણે તેને જોયો ॥ २ ॥

वृद्धब्राह्मणरूपस्तंपप्रच्छद्विजमादरात् ॥
किमर्थंभ्रमसेविप्रमहीनित्यंसदुःखितः ॥ ३ ॥

અને પોતાનું રૂપ બદલી ઘરડા બ્રાહ્મણનું રૂપ લેઇ એ હરી-હરી બ્રાહ્મણને પુછે છે કે હે બ્રાહ્મણ અત્યંત દુખીત એવો જે તું આ પૃથ્વી ઉપર શા સારૂં ફરે છે. ॥ ૩ ॥

तत्सर्वंश्रोतुमिच्छामिकथ्यतांद्विजसत्तम ॥ ब्राह्मण उवाच ॥ ब्राह्मणोऽतिदरिद्रोऽहंभिक्षार्थंवैभ्रमेमहीम् ॥४॥

આ તારૂ વૃતાંત સાંભળવા હું ઈચ્છા કરૂ છું માટે હે બ્રાહ્મણ શ્રેષ્ટ મને કહે. ત્યારે તે હરીદ્રી બ્રાહ્મણ કહેછે, હું ગરીબ બ્રાહ્મણ અત્યંત દરીદ્રીછું તેથી ભિક્ષા માગવા સારૂ પૃથ્વી ઉપર ફરૂં છું. ૪

उपायंयदिजानासिकृपयाकथयप्रभो ॥ वृद्धब्राह्मणउवाच ॥ सत्यनारायणंविष्णुर्वांछितार्थफलप्रदः ॥ ५ ॥

હે પ્રભો ભગવાન જો મારૂં દરિદ્ર દુર થાય એવો કાંઇ ઇલાજ આપ જાણુતા હો તો તે કૃપા કરીને મને કહો એવું દરિદ્રી બ્રાહ્મણનું ભાષણ સાંભળી ઘરડો બ્રાહ્મણ કેહેછે હે બ્રાહ્મણ સત્યનારાયણ નામના વિષ્ણુદેવ ઇચ્છેલું ફળ કલિયુગને વિશે પુજન કર્યા થકી આપનારા એવા પ્રત્યક્ષ છે ॥ ૫ ॥

तस्यत्वंपूजनंविप्रकुरुष्वव्रतमुत्तमम् ॥
यत्कृत्वासर्वदुःखेभ्योमुक्तोभवतिमानवः ॥ ६ ॥

શ્રી સત્ય નારાયણ કહેછે હે બ્રાહ્મણ તું એ સત્ય દેવનું વૃત અને પુજન સારી રીતે કર કે જે કર્યા થકી માણુસ સર્વ દુખથી મુકત થાય છે ॥ ૬ ॥

विधानंचव्रतस्यापिविप्रायभाष्ययत्नतः ॥
सत्यनारायणोवृद्धस्तत्रैवांतरधीयत ॥ ७ ॥

પછી દરીદ્રી બ્રાહ્મણને રૂપ બદલનારા ઘરડા બ્રાહ્મણે વૃતનું સર્વ વિધાન કહ્યું અને પોતે અંતરધ્યાન થયા ॥ ૭ ॥

तद्व्रतंसंकरिष्यामिवदुक्तंब्राह्मणेनवै ॥
इतिसंचित्यविप्रोसौरात्रौनिद्रानलब्धवान् ॥ ८ ॥

એ ઘરડા બ્રાહ્મણે કહેલું વૃત હું કયારે કરીશ એવી ઉત્કંઠાથી એ દરિદ્રી બ્રાહ્મણને તે વખતથી તે આખી રાત્રમાં ઉંઘ આવી નહિ ॥ ૮ ॥

ततः प्रातःसमुत्थायसत्यनारायणव्रतम् ॥
करिष्यइतिसंकल्पभिक्षार्थमगमाद्द्विजः ॥ ९ ॥

પછી બીજે દિવસે સૂર્ય ઉદય થયા પછી દરીદ્રી બ્રાહ્મણે હું આજ સત્યનારાયણનું વૃત કરીશ એવો સંકલ્પ કરીને તે હમેશના રિવાજ મુજબ ભિક્ષા માગવા સારૂ ગયો. ॥ ૯ ॥

तस्मिन्नेवदिनेविप्रःप्रचुरंद्रव्यमाप्तवान् ॥
तेनैवबंधुभिःसार्द्धंसत्यस्यव्रतमाचरत ॥ १० ॥

તે દિવસે હમેશના કરતાં એ બ્રાહ્મણને ઘણું દ્રવ્ય મળ્યું તે મળતાં વારજ તેજ દિવસે એ દરિદ્રી બ્રાહ્મણે પોતાના સગાંસંબંધી ઈષ્ટમિત્ર વિગેરેને બોલાવી તે સાથે શ્રીસત્યનારાયણનું વૃત કર્યું.૧૦

सर्वदुःखविनिर्मुक्तःसर्वसंपत्समान्वितः ॥
बभूवसद्द्विजश्रेष्ठोव्रतस्यास्यःप्रभावतः ॥ ११ ॥

એ બ્રાહ્મણે પુર્ણ ભકતીથી શ્રી સત્યનારણ દેવનું વૃત તથા પુજન કર્યાથી થોડાજ વખતમાં દરિદ્રી બ્રાહ્મણ દુખથકી મુકત થઈને

અગણિત સંપત્તિનો માલેક થયો એવો આ સત્યદેવના વૃત તથા પુજનનો આ કલિયુગને વિશે તાત્કાલિક અનુભવ થયો તથા થશે એટલું ઐશ્વર્ય આપવાનું સામર્થ્ય આ શ્રીસત્યદેવના વૃતમાંછે॥૧૧॥

ततःप्रभृतिकालंचमासिमासिव्रतंकृतं ॥
एवंनारायणस्येदंव्रतंकृत्वाद्विजोत्तमः ॥ १२ ॥

એવું જાણીને એ બ્રાહ્મણ દરએક મહિનામાં આનવારી પર્વણીને દીવસે વૃત અને પુજા શ્રી સત્યનારાયણ દેવની કરતો એના પુણ્યથી એ બ્રાહ્મણ સરવ પાપથી નિર્મુકત થઈને અત્યંત દુર્લભ જે મોક્ષપદ તે વિશે ગયો ॥ ૧૨ ॥

सर्वपापविनिर्मुक्तोदुर्लभंमोक्षमाप्तवान् ॥
तदैवसर्वदुखंञ्चमनुजस्यविनश्यति ॥ ॥ १३ ॥

જે વખતે શ્રી સત્યદેવનું વૃત તથા બ્રાહ્મણ પૃથ્વી ઉપર કરશે તો તે તેજ વખતે સર્વ દુખોથકી મુકત થશે. ॥ ૧૩ ॥

एवंनारायणेनोक्तंनारदायमहात्मनेमया ॥
तत्कथितंविप्राःकिमन्यत्कथयामिवः ॥ १४ ॥

સુતજી શૌનક આદી રૂષીયોને કહેછે કે આ પ્રમાણે શ્રીમન્નારાયણે એ નારદરૂષીને કલિયુગમાં સેહેલા ઉપાયથી વાસના પુરી કરવાવાળું વૃત તથા પુજન કહ્યું તેજ મેં આપને કહ્યું હવે એ શિવાય બીજું આપ શું શ્રવણ કરવા ઇચ્છા રાખોછો. ॥૧૪॥

॥ऋषयऊचुः॥ तस्माद्विप्राच्छ्रुतंकेनपृथिव्यांचरितंमुने॥
तत्सर्वंश्रोतुमिच्छामःश्रद्धास्माकंप्रजायते ॥ १५ ॥

એવું શુતજી પુરાણીનું ભાષણ સાંભળીને શૌનક આદી રૂષીઓ કેહે છે કે હે મુને? એ બ્રાહ્મણના મુખમાંથી એ ચરિત્ર

આ પૃથ્વીમાં કોણે શ્રવણ કર્યું વિગેરે સરવ આ વૃત વિશે હકીકત સાંભળવાની અમોને ઘણી ઉત્કંઠા ઉતપન્ન થઇ છે. ॥ ૧૫ ॥

।सूतउवाच॥ श्रुणुध्वंमुनयःसर्वेव्रतंयेनकृतंभुवि ॥
एकदासद्विजवरोयथाविभवविस्तरैः ॥ १६ ॥

એવું શૌનક આદી રૂષીઓનુ ભાષણ સાંભળી સુતજી કેહેછે, સરવ મુનીયો ? આ વૃત પૃથ્વી ઉપર એ પછી કોણે કર્યું એ આપને કહું છું સાવધાન થઇને સાંભળો. ॥ ૧૬ ॥

बंधुभिःस्वजनैःसार्द्धंव्रतंकर्त्तुंसमुद्यतः ॥
एतास्मिन्नंतरेकालेकाष्ठकेतासमागमत् ॥ १७ ॥

પ્રથમ કહેલો બ્રાહ્મણ એક દિવસને વિશે પોતાની સંપતી પ્રમાણે પોતાના સગાવાહાલા ઇષ્ટમિત્ર સાથે શ્રી સતયનારાયણ દેવનું વૃત કરવા આરંભ કરેછે એવામાં એક લાકડાનો ભારો બાંધી માથા ઉપર લેઇ વેચનારો એ ઠેકાણે આવ્યો. ॥ ૧૭ ॥

वहिःकाष्टंचसंस्थाप्यविप्रस्यग्रहमाययौ ॥
तृष्णयापीडितात्माचदृष्ट्वाविप्रकृतव्रतं ॥ १८ ॥

તેણે માથા ઉપરનો ભારો દરવાજા બાહાર મુકી શ્રી સતયનારાયણ દેવની પુજા થતી હતી ત્યાં ગયો અને એ તરશો હતો તો પણ એક ચીતથી તેણે તે બ્રાહ્મણે કરેલું પુજન જોયું અને એ વૃતની વીધી પણ જોઈ ॥ ૧૮ ॥

प्रणिपत्यद्विजंप्राहकिमिदंक्रियतेत्वया ॥
कृतेकिंफलमाप्नोतिविस्तराद्वदमेप्रभो ॥ १९ ॥

અને તે બ્રાહ્મણને ઘણા આદરસત્કારથી નમસ્કાર કરીને બોલ્યો કે હે બ્રાહ્મણ શ્રેષ્ઠ આપ આ શું કરોછો અને આવું કર્યાથી શું ફળ થાય છે તે હે પ્રભો કૃપા કરીને મને કહો ॥ ૧૯ ॥

॥ विप्रउवाच ॥ सत्यनारायणस्येदंव्रतंसर्वेप्सितप्रदं ॥
तस्यप्रसादान्मेसर्वंधनधान्यादिकंमहत ॥ २० ॥

બ્રાહ્મણ કહેછે શ્રી સત્યનારાયણ દેવનું સર્વ કામના પુર્ણ કરવાવાળું એવું વ્રત કહુંછું અને આ વ્રત મેં કર્યું તે દિવસથી શ્રી સત્યનારાયણ દેવના પ્રસાદે કરીને મને ધન્ય ધાન્ય આદી કરીને મોટી સંપતિ મળેલી છે ॥ ૨૦ ॥

तस्मादेतद्व्रतंज्ञात्वाकाष्टक्रेताविहर्षितः ॥
पपौजलंप्रसादंचभुक्त्वासनगरंययौ ॥ २१ ॥

આ પ્રમાણે તે બ્રાહ્મણના મુખમાંથી શ્રી સત્યદેવનું વ્રત લાકડાના ભારાવાળાએ સમજી લેઇ અને ઘણોજ હરખાતો તે બ્રાહ્મણે આપેલો પ્રસાદ ભક્ષણ કરી પાણી પીધું અને પોતાના ગામ વિશે ગયો ॥ ૨૧ ॥

सत्यनारायणंदेवंमनसाइत्याचिंतयत् ॥
काष्टविक्रयतोग्रामेप्राप्यतेचाद्ययद्धनं ॥ २२ ॥

પછી બીજે દિવસે ભારો વેચવા સારૂ આવતી વખતે શ્રી સત્યનારાયણ દેવ પાસે ભારાવાળાએ મનમાં સંકલ્પ કર્યો કે આજે આ ભારાની કીમત જે એ શહેરમાંથી મળશે તે ॥૨૨॥

तेनैवसत्यदेवस्य करिष्येव्रतमुत्तमम् ॥
इतिसंचिंत्यमनसाकाष्ठंकृत्वातुमस्तके ॥ २३ ॥

બીજા કારણે ન ખરચતાં એ પૈસાથી શ્રી સત્યનારાયણ દેવનું વ્રત કરીશ એવો નિશ્ચય કરી ભારો માથે મુકી ચાલતો થયો ॥૨૩॥

जगामनगरेरम्येधनिनांयत्रसंस्थितिः ॥
तद्दिनेकाष्ठमुल्यंचद्विगुणंप्राप्तवानसौ ॥ २४ ॥

તે એક સુંદર નગરમાં કે જ્યાંહાં શેઠ શાહુકાર લોકો રહેતા હુતા તે રસ્તામાં આવ્યો તાંહાં એક શેઠે તેને જે રોજ ભારાની કીમત મળતી હુતી તેથી બમણી આપીને ભારો લીધો ॥ ૨૪ ॥

ततःप्रसन्नहृदयःसुपक्कंकदलीफलं ॥
शर्करावृतदुग्धंचगोधूमस्यचचूर्णकं ॥ २५ ॥

ભારાવાળાને બમણી કીમ્મત મળતાં વારજ ઘણો આનંદ થયો અને પાકેલાં કેળાં ખાંડ ઘી અને ઘઊંનો રવો વિગેરે પદાર્થ શવાશેર શવાશેરના પ્રમાણમાં લેઈ બીજી પુજાની સામગ્રી વેચાથી લેઇને ઘેર આવ્યો ॥ ૨૫ ॥

कृत्यैकत्रसपादंचगृहीत्वास्वगृहेययौ ॥
ततोबंधूनसमाहूयचकारविधिनाव्रतं ॥ २६ ॥

અને સગાવાહાલા ઇષ્ટમિત્ર તથા બ્રાહ્મણોને બોલાવી મોટા સમારંભથી વિધીપુર્વક આ વૃત કર્યું ॥ ૨૬ ॥

तद्व्रतस्यप्रभावेणधनपुत्रान्निवतोभवत् ॥
इहलोकेसुखंभुक्त्वाचांतेसत्यपुरंययौ ॥ २७ ॥

સુતજી કહેછે કે પેલા ભારાવાળાએ એ વૃત કર્યાથી તે ધનવાન તથા પુત્રવાન થઇને આ લોકમાં સર્વ સુખ ભોગવીને અંતે શ્રી સત્યપુર એટલે વૈકુંઠને વીશે ગયો ॥ ૨૭ ॥ બીજો અધ્યાય સંપુર્ણ.

सूतउवाच॥पुनरग्रेप्रवक्ष्यामिश्रुणुध्वंमुनिसत्तमाः ॥
पुराचोल्कामुखोनामनृपश्चासीन्महीपतिः ॥ १ ॥

સુતજી કહેછે કે હે શૌનકઆદી રૂષીયો ફરી આપને શ્રી સત્યનારાયણ દેવની વૃત કથાનો બીજો ઇતિહાસ કહુંછું તે સાંભળો. ઉલ્કામુખ નામનો રાજા પૃથ્વીનું પાલન કરનાર હતો ॥ ૧ ॥

जितेंद्रियःसत्यवादीययौदेवालयंप्रात ॥
दिनेद्दिनेधनंदत्वाद्विजान्संतोषयत्सुधीः ॥ २ ॥

જીતેંદ્રિય સત્યવાદી અને દરેક દિવસે મંદિરોમાં દેવ દર્શન માટે જઈ બ્રાહ્મણોને ઘણું દ્રવ્ય આપી સંતોષ પમાડતો હતો ॥ ૨ ॥

भार्यातस्यप्रमुग्धाचसरोजवदनासती ॥
भद्रशीलानदीतीरेसत्यस्यव्रतमाचरत् ॥ ३ ॥

એ ઉલ્કામુખ રાજાની સ્ત્રી નામે પ્રમુગ્ધા ઘણીજ સારા સ્વભાવની કમલમુખી અને સુંદર સતી હતી તે પોતાના સ્વામીના સાથે ભદ્રશીલા નામે નદીને તીરે શ્રી સત્યદેવનું વ્રત કરતી હતી. ॥ ૩ ॥

एतास्मिन्नंतरेतत्रसाधुरेकःसमागतः ॥
वाणिज्यार्थंबहुधनैरनेकैःपरिपूरितः ॥ ४ ॥

એવામાં તે નદીને કાંઠે સાધુ નામે એક વાણીયો ઘણો ધનવાન અને વેપાર અર્થે ઘણાં મોતી, જવાહીર વીગેરે ધન લેઈને નીકળેલો ॥૪॥

नावंसंस्थाप्यतत्तीरेजगामनृपातिंप्राति ॥
दृष्ट्वाभक्तितनंभूपंपप्रच्छविनयान्वितः ॥ ५ ॥

તેણે તે નદીને કાંઠે પોતાનું વાહાણ લાવી જ્યાંહાં રાણી શ્રી સત્યદેવનું વ્રત કરતાં હતાં તેમની પાસે જઈ વીનતીપુર્વક નમ્રતાથી પ્રશ્ન કરવા લાગ્યો ॥ ૫ ॥

॥ साधुउवाच ॥ किमिदंकुरुषेराजन्भक्तियुक्तेनचेतसा ॥ प्रकाशंकुरुतत्सर्वंश्रोतुमिच्छामिसांप्रतं ॥ ६ ॥

સાધુ પુછેછે હે મહારાજ? આપ ઘણી ભકતીથી સાર્થ એક ચીત્તે આ વખતે શું કરોછો એ ગુલામને કહેશો એવું હું ઈચ્છું છું ॥ ૬ ॥

॥ राजोवाच ॥ पूजनंक्रियतंसाधोविष्णोरतुलतेजसः ॥
व्रतंचस्वजनैःसाध्यपुत्राद्यावाप्तिकाम्यया ॥ ७ ॥

એવા પ્રકારે સાધુ નામે વેપારીનું ભાષણ સાંભળતાં વાર રાજા ઉલ્કામુખ કેહેછે, હે સાધુ વેપારી શ્રી મહાવીષ્ણુ સત્યદેવ કે, જેના મહિમાનો પાર ન આવે એવો તેજસ્વી તેમને પુત્ર તથા ધન્યધાન્ય સંપત્તી મળે, આ હેતુથી મારા સગાવહાલા ઈષ્ટમિત્ર સાથે વૃત તથા પુજન કરૂં છું. ॥ ७ ॥

भूपस्यवचनंश्रुत्वासाधुःप्रोवाचसादरं ॥
सर्वंकथयमराजन्करिष्येहंतवोदितं ॥ ८ ॥

એવું રાજાનું ભાષણ સાંભળી સાધુ સોદાગર ઘણા સત્કારથી કેહેછે કે, હે મહારાજ આ વૃતનું જે કાંઈ વિધાન હોય તે મને સવીસ્તર કહો હું નીશ્ચયથી આપના કહ્યા મુજબ આ વૃત કરીશ. ॥८॥

ममापिसंततिर्नास्तिएतस्माज्जायतेध्रुवं ॥
ततोनिवृत्यवाणिज्यात्सानंदोगृहमागतः ॥ ९ ॥

કેમ જે મને પણ સંતતી નથી, અને આપના કહ્યા પ્રમાણે આ સત્યદેવનું વૃત કર્યાથી સંતતી થશે એ માટે હું વેપારઅર્થે દેશાંતરે ન જતાં ઘેર જાઉંછું એવું કહી વેપારઅર્થે જવું છોડી હરખથી પોતાને ઘેર આવ્યો. ॥ ९ ॥

भार्यायकथितंसर्वंव्रतंसंततिदायकं ॥
तदाव्रतंकरिष्यामियदामेसंततिर्भवेत् ॥ १० ॥

અને વ્રતનો મહિમા પોતાની સ્ત્રીને કહીને નિશ્ચય કર્યો કે જયારે મને સંતતી થશે ત્યારે હું આ વૃત કરીશ. ॥ १० ॥

इतिलिलावतींप्राहपत्नींसाधुःससत्तमः ॥
एकस्मिन्दिवसतस्यभार्यालीलावतीसती ॥ ११ ॥

એવું લીલાવતી નામની પોતાની સ્ત્રીને સાધુ વાણીયાએ કહ્યું. ११

भर्तृयुक्तानंदचित्ताभवद्धर्मपरायणा ॥
गर्भिणीसाभवत्तस्यभार्यासत्वप्रसादतः ॥ १२ ॥

પછી એક દિવસે તેની સ્ત્રી પોતાના ધર્મ પ્રમાણે ચાલનારી એવી પોતાના સ્વામી સાથે હરખાતી રત થયેલી શ્રી સત્યદેવના પ્રસાદે કરીને ગર્ભવંતી થઈ. ॥ ૧૨ ॥

दशमेमासिवैतस्याःकन्यारत्नमजायत ॥
दिनेदिनेसावर्धेशुक्लपक्षेयथाशशी ॥ १३ ॥

તેને દસમે મહિને રત્ન જેવી એક કન્યા થઈ ને તે જે પ્રમાણે ચંદ્રમા શુદ્ધ પખવાડીયામાં દિવસે દિવસે મોટો થતો જાય તે પ્રમાણે મોટી થતી ગઈ. ॥ ૧૩ ॥

नाम्नाकलावतीचेतितन्नामकरणंकृतं ॥
ततोलीलावतीप्राहस्वामिनंमधुरंवचनः ॥ १४ ॥

તેનું નામ કલાવતિ એવું ધર્યું તે પછી સાધુવાણીયાની લીલાવતી સ્ત્રી પોતાના સ્વામીને મધુર વચનથી બોલી કે, હે પ્રીય સ્વામી આપે માનેલું શ્રી સત્યદેવનું વૃત શા કારણથી કરતા નથી. ॥ ૧૪ ॥

नकरोषिकिमर्थंवैपुरासंकल्पितंव्रतं ॥ साधुउवाच ॥
विवाहसमयेत्वस्याःकरिष्यामिव्रतंप्रिय ॥ १५ ॥

એવું પોતાની સ્ત્રીનું મધુર ભાષણ સાંભળીને સાધુવાણીયો બોલ્યો કે, હે પ્રીયે એ વૃત આપણી કલાવતી કન્યાના લગ્ન સમયને વખતે કરીશું. ॥ ૧૫ ॥

इतिभार्यासमाश्वस्यजगामनगरंप्रति ॥
ततःकलावतीकन्यावर्द्धेपितृवेश्मनि ॥ १६ ॥

આ પ્રમાણે સાધુવાણીયાએ પોતાની સ્ત્રીને સમજણ આપીને પોતે બીજા નગર વિષે વેપારને અર્થે ગયો, અહીંયા કલાવતી બાપને ઘેર દિવસે દિવસે મોટી થતી ગઈ. ॥ ૧૬ ॥

दृष्ट्वाकन्यांततःसाधुर्नगरेसखिभिःसह ॥
मंत्रयित्वाद्रुतंदूतंप्रेषयामासधर्मवित ॥ १७ ॥

પછી લગ્ન જોગ થયેલી કન્યા પોતાની બેહેનપણીઓ સાથે પોતાના નગરમાં એ ધર્મશીલ સાધુ વાણીયાએ જોઇને પોતાના મુનીમને કન્યાનો વર જોવા સારૂ મોકલ્યો ॥ ૧૭ ॥

विवाहार्थंचकन्यायवरंश्रेष्ठंविचारय ॥
तेनाज्ञप्तश्चदूतोऽसौकांचनंनगरंययौ ॥ १८ ॥

આ પ્રમાણે લગ્નને માટે વર જોવાને સારૂ મોકલેલો મુનીમ કાંચન નામની નગરમાં આવી પ્હોંચ્યો. ॥ ૧૮ ॥

तस्मादेकंवणिक्पुत्रसमादायाऽगताहिस
दृष्ट्वातुसुंदरंवणिकपुत्रंगुणान्वित ॥ १९ ॥

અને તહાંથી એક સુંદીર રૂપવાળો વાણીયાનો પુત્ર લેઇને મુનીમ પોતાના નગરમાં આવ્યો, ત્યારે તે ગુણવાન અને સુંદર એવો વાણીયાનો પુત્ર તે સાધુ વાણીયાએ જોઇને ॥ ૧૯ ॥

ज्ञातिभिर्बंधुभिःसार्द्धंपरितुष्टेनचेतसा ॥
दत्तवान्साधुःपुत्रायकन्याविधिविधानतः ॥ २० ॥

પોતાના બધા નાતવાળાઓને અને સગાવહાલા ઇષ્ટમિત્રને બોલાવીને સાથે ઘણાજ હર્ષથી પોતાની કન્યા કલાવતીનું લગ્ન એ ગુણવાન તથા વાણીયાના પુત્રની સાથે કર્યું. ॥ ૨૦ ॥

ततोभाग्यवशातेनाविस्मृतंव्रतमुत्तमं ॥
विवाहसमयेतस्यस्तेनरुष्टोऽभवत्प्रभुः ॥ २१ ॥

એ સાધુવાણીયો એ કન્યાના લગ્ન સમય વખતે પણ કર્મના અંતરાયે કરીને શ્રી સત્યદેવનું વૃત કરવાનું ભુલી ગયો તેને લીધે શ્રી સત્યનારાયણ દેવ તેના ઉપર કોપાયમાન થયા. ॥૨૧॥

ततःकालेननियतेनिजकर्मविशारदः ॥
वाणिज्यार्थंततःशीघ्रंजामातृसहितोवणिक् ॥ २२ ॥

આ વાતને ઘણાએક દિવસ વીતી ગયા પછી પોતાનું કર્મ ભોગવવા સારૂ પોતાના જમાઇને સાથે લેઇને વેપારઅર્થે સાધુવાણીઓ ગયો. ॥૨૨॥

रत्नसारपुरेरम्येमत्वासिंधुसमीपतः ॥
वाणिज्यमकरोत्साधुर्जामात्राश्रीमातासह ॥ २३ ॥

તે સિંધુસમુદ્ર નજીક રતનસાગર નામના નગરમાં પોતાના જમાઈ સાથે ભારે વેપાર કરવા લાગ્યો. ॥ ૨૩ ॥

तौगतौनगरेरम्यचंद्रकेतोर्नृपस्यच ॥
एतस्मिन्नेवकालेतुसत्यनारायणः प्रभुः ॥ २४ ॥

તે પછી તહાંથી ચંદ્રકેતુ નામના રાજાના શોભાયમાન શહેરમાં ગયાછે એવામાં ભગવાન શ્રી કૃપાસાગર સત્યનારાયણ પ્રભુ ॥૨૪॥

भ्रष्टप्रतिज्ञमालोक्यशापंतस्मैप्रदत्तवान् ॥
दारुणंकठिनंचास्यमहद्दुःखंभविष्यति ॥ २५ ॥

સાધુ વાણીયો જુઠું બોલનારો એવું જાણીને તેને મોટું દુઃખ તથા બંધન તિરસ્કાર વિગેરે ઘણું દુઃખ પ્રાપ્ત થાઓ એવો શ્રાપ દેતા થયા. ॥ ૨૫ ॥

एकस्मिन्दिवसेराज्ञोधनमादायतस्करः ॥
तत्रैवचागतश्चौरोवणिजौयत्रसंस्थितौ ॥ २६ ॥

એટલામાં જ્યાં સાધુવાણીયો પોતાના જમાઈ સાથે રેહેતો હુતો તાંહાં તે ગામના રાજાનું ધન ખજાનો ફાડી બે ચોર ચોરી લાવી તેના રહેવાના ઘરમાં સંતાઇ રહ્યા. ॥ ૨૬ ॥

तपश्चाद्धावकान्दातान्दृष्ट्वाभीतेनचेतसा ॥
धनंसंस्थाप्यतत्रैवसतुशीघ्रमलक्षितः ॥ २७ ॥

પણ તે ચોરને પકડવા રાજાના સીપાઇઓ તેમની પાછળ દોડી આવ્યા જોઈ ચોરો જ્યાંહાં સસરો અને જમાઇ સુતા હતા ત્યાંહાં ધન નાખી દેઇ છાનામાના ત્યાંથી નાશી ગયા. ॥ ૨૭ ॥

ततोदूताःसमायातायत्रास्तेसज्जनोवणिक् ॥
दृष्ट्वानृपधनंतत्रबध्वानीतौवणिक्सुतौ ॥ २८ ॥

તે પછી સીપાઈઓ જે ઠેકાણે જમાઈ સાથે સાધુવાણીઓ હતો ત્યાં રાજાનું ચોરેલું ધન પડેલું જોઇ સાધુવાણીઆને તથા તેના જમાઈને કેદ કરી બાંધીને લેઇ ગયા. ॥ ૨૮ ॥

हर्षेणधावमानाश्चउचुर्नृपसमीपतः ॥
तस्करौद्वौसमानीतौविलोक्याज्ञापयप्रभो ॥ २९ ॥

અને ઘણા આનંદથી દોડતા આવી રાજાને વરદી આપી કે હે માહારાજ બે ચોર લાવ્યાછીયે તેમને જોઇ હુકમ કરશો. ॥ ૨૯ ॥

राज्ञाज्ञप्तास्ततःशीघ्रंदृढंबध्वातुतावुभौ ॥
स्थापितौद्वौमहादुर्गेकरागारेऽविचारतः ॥ ३० ॥

એવું સાંભળી ચોરોને જોઈ વિચાર કર્યા વગર એકદમ કેદ કરવાની શીક્ષા આપતાં વારજ સીપાઇયોએ તેમને ખુબ બાંધી મોટા કેદખાનામાં લેઇ જઈને મુકયા. ॥ ૩૦ ॥

माययासत्यदेवस्यनश्रुतंकैस्तयोर्वचः ॥
अतस्तयोर्धनंराज्ञागृहीतचंद्रकेतुना ॥ ३१ ॥

આ કામમાં એ ચંદ્રકેતુ રાજાએ શ્રી સત્યદેવની માયાથી મોહીત થઇને ચોરીએ ગયેલું ધન તો લીધું પણ તેની સાથે અવિચારે સાધુવાણીયાનું ધન લુટી લીધું ॥ ૩૧ ॥

तच्छापाच्चतयोर्गेहेभार्याचैवातिदुःखिता ॥
चोरेणापहृतंसर्वंगृहेयच्चास्थितंधनं ॥ ३२ ॥

તેમજ શ્રી સત્યદેવના શ્રાપથી એ સાધુવાણીયાએ પોતાને ગામ પોતાના ઘરમાં મુકેલું બધું ધન ચોરો લુંટી લેઈ ગયા તેને લીધે તેની સ્ત્રી પણ ઘણીજ દુઃખી થઈ. ॥ ૩૨ ॥

आधिव्याधिसमायुक्ताक्षुत्पिपासातिदुःखिता ॥
अन्नचिंतापराभूत्वाब्रभ्रामचगृहेगृहे ॥ ३३ ॥

અને એ સાધુવાણિયાની સ્ત્રી લીલાવતી ઘણા દુઃખથી અને ઘણી તરશ તથા ભુખથી ઘેર ઘેર ફરવા લાગી. ॥ ૩૩ ॥

कलावतीतुकन्यापिबभ्रामप्रतिवासरं ॥
एकस्मिन्दिवसेजाताक्षुधार्ताद्विजमंदिरं ॥
गत्वापश्यद्व्रतंतत्रसत्यनारायणस्यच ॥ ३४ ॥

તેમજ તેની કન્યા કલાવતી ઘણી નાહની તે પણ હરરોજ ઘેરે ઘેર ફરી માગી ખાતી એક દિવસે તે કન્યા ઘણીજ ભુખ લાગ્યાથી આકુળવ્યાકુળ થઈને એક બ્રાહ્મણના ઘરમાં ગઈ. ત્યાં શ્રી સત્ય-નારાયણ દેવનું વ્રત તથા પુજા કરતા હતા તે તેણે જોયું. ॥૩૪॥

उपविश्यकथांश्रुत्वावरंप्रार्थितवत्यपि ॥
प्रसादभक्षणंकृत्वाययौरात्रौगृहंप्रति ॥ ३५ ॥

એ વ્રત તથા પુજા જોતાંજ ઘણી આનંદ પામીને ત્યાં બેઠી અને શ્રી સત્યનારાયણની કથા સાંભળીને સત્યદેવની પ્રાર્થના કરી કે મારૂં દુઃખ મટે ને મારો બાપ તથા સ્વામી મને મળે એવો આશિર્વાદ શ્રી સત્યદેવ પાસે માગી બ્રાહ્મણે આપેલો પ્રસાદ ખઈ રોજના કરતાં ઘણી મોડી રાત્રે પોતાને ઘેર આવી. ॥ ૩૫ ॥

माताकलावतींकन्यांकथयामासप्रेमतः ॥
पुत्रीरात्रौस्थिताकुत्रकिंतेमनसिवर्तते ॥ ३६ ॥

ને ઘરમાં આવતાં વારજ તેની મા લીલાવતી કલાવતી નામની કન્યાને પુછેછે કે હે પુત્રી તું આજે આટલી રાત સુધી ક્યાં હતી ને શું તારા મનમાં છે. ॥ ૩૬ ॥

कन्याकलावतीप्राहमातरंप्रतिसत्वरं ॥
द्विजालयेव्रतंमातर्दृष्टंवांछितसिद्धिदं ॥ ३७ ॥

કલાવતી કન્યા પોતાની માને ઉતાવળે ઉતાવળે કેહેછે કે હે મા હું બ્રાહ્મણને ઘેર મનમાં ધારેલું કામ પાર પડે એવું વૃત તથા પુજન અને કથા કરતા હતા ત્યાં બેઠી હતી. ॥ ૩૭ ॥

तच्छ्रुत्वाकन्यकावाक्यंव्रतंकर्तुंसमुद्यता ॥
सामुदातुवणिग्भार्यासत्यनारायणस्यच ॥ ३८ ॥

એ કન્યાનું બોલવું સાંભળીને લીલાવતી સાધુવાણીયાંની સ્ત્રી શ્રી સત્યદેવનું પુજન કરવા સારૂ તત્પર થઇ. ॥ ૩૮ ॥

व्रतंचक्रेसैवसाध्वीबंधुभिःस्वजनैःसह ॥
भातृजामातरौक्षिप्रमागच्छेतांस्वमाश्रमं ॥ ३९ ॥

ને એ મહા સતી સાધુવાણીઆની સ્ત્રી પોતાના સગાવહાલા ભાઇ-ભાંડુ સાથે શ્રી સત્યદેવનું વ્રત પોતાના સ્વામી તથા જમાઇ પોતાને ઘેર જલદી આવે એવો હેતુ મનમાં ધરી પુજન કરવા લાગી. ॥૩૯॥

अपराधंचमेभर्तुर्जामातुःक्षंतुमर्हसि ॥
व्रतेनानेनतुष्टोऽसौसत्यनारायणःपुनः ॥ ४० ॥

એ પુજન કરતી વખતે સત્યદેવની પાસે વારેઘડી એવો વર માગતી હતી કે હે શ્રી સત્યનારાયણ પ્રભો મારા સ્વામી તથા જમાઇના અપરાધ ક્ષમા કરવાને આપજ યોગ્ય છો એવી તે લીલાવતી સાધુવાણીઆની સ્ત્રી પ્રાર્થના કરતી હતી તેથી કરીને એ વ્રત તથા પુજને ભગવાન શ્રી સત્યનારાયણ પ્રભુ સંતોષ થયા. ॥ ૪૦ ॥

दर्शयामासस्वप्नंहिचंद्रकेतुंनृपोत्तमं ॥
बंदिनौमोचयप्रातर्वणिजौनृपसत्तम ॥ ४१ ॥

અને માયારૂપી ભગવાન સત્યદેવ એમણે ચંદ્રકેતુ નામના રત્નસારપુરનો રાજા કે જેણે લીલાવતીનો સ્વામી તથા જમાઈ એમને

કેદખાનામાં મુકયા હુતા તેને પોતે સ્વપ્નમાં આવી આજ્ઞા કરી કે હે રાજા તું નિરપરાધી બે વાણીયાને બંધીખાનેથી છોડી મુક. ।।४१।।

देयंधनंचतत्सर्वंगृहीतंयत्त्वयाधुना ॥
नोचेत्त्वांनाशयिष्यामिसराज्यधनपुत्रकं ॥ ४२ ॥

અને તેમનું જે સઘળું તેં હરણ કરી લીધેલું છે તે સઘળું તેમને પાછું આપ ને તેમને આદરસત્કાર કરીને વિદાયકર નહીતો તારા ધન ધાન્ય રાજયપાટ સ્ત્રી પુત્ર સહીત તારા કુળનો નાશ કરીશ. ।।४२।।

एवमाभाष्यराजानंध्यानगम्योऽभवत्प्रभुः ॥
ततःप्रभातसमयेराजाचस्वजनैःसह ॥ ४३ ॥

એવું તે રાજાને સ્વપ્નમાં કહી શ્રી સત્યદેવ અંતરધ્યાન થઇ ગયા તે પછી રાજા પ્રભાતને સમયે પોતાના પ્રધાન વિગેરે મંડળી સાથે ।। ४३ ।।

उपविश्यसभामध्येप्राहस्वप्नजनंप्रति ॥
बद्धौमहाजनैशीघ्रंमोचयवणिक्सुतौ ॥ ४४ ॥

સભામાં સિંહાસન ઉપર બેશી સર્વ કચેરીને સ્વપ્ન કહ્યું ને સીપાઇયોને આજ્ઞા કરી કે બંધીખાને જે હુમણાં વાણીયાના પુત્ર કેદખાને મુકયાછે તેમને છોડી મુકો. ।। ४४ ।।

इतिराज्ञोवचःश्रुत्वामोचयित्वामहाजनौ ॥
समानीयनृपस्याग्रेप्राहुस्तेविनायान्विताः ॥ ४५ ॥

એવી રાજાની આજ્ઞા થતાંજ સીપાઇવાળે એ બેઉ જણાઓને બંધીખાનેથી છોડી રાજાની સભામાં લઈ આવ્યા. ।। ४५ ।।

आनीतौद्वौवणिक्पुत्रौमुक्तौनिगडबंधनात् ॥
ततौमहाजनौनत्वाचंद्रकेतुंनृपोत्तमं ॥ ४६ ॥

ત્યાંહાં એ બેઉ બંધીખાનેથી છુટેલા વાણીયાના પુત્ર રાજાને ઘણીજ નમ્રતાથી નમસ્કાર કરેછે. ।। ४६ ।।

स्मरंतौपूर्ववृत्तांतंनोचतुर्भयविह्वलौ ॥
राजावणिक्सुतौवीक्ष्यवचःप्रोवाचसादरं ॥ ४७ ॥

અને પોતાનો પૂર્વનો હેવાલ મનમાં લાવી ભયભીત થઈ કાંઈ પણ બોલતા નથી એવા ઘણાજ ગરીબ વાણિયાના પુત્રોને જોઈ રાજા ચંદ્રકેતુ ઘણાજ આદરભાવથી પ્રધાન વિગેરે મંડળીને આજ્ઞા કરે છે કે. ॥ ૪૭

दवात्प्रक्षंमहद्दुःखमिदानींनास्तिवैभयं ॥
तदानिगडसंत्यागंक्षौरकर्माद्यकारयत् ॥ ॥ ४८ ॥

આ બે વાણિયાના પુત્રોએ આજસુધી કર્મના અંતરાયે કરીને મોટું દુઃખ ભોગવ્યું હવે પછી એમને કાંઇપણ ભય નથી એવી આજ્ઞા થતાંજ પગની બેડીયો તોડી હજામત કરાવી. ॥૪૮॥

वस्त्रालंकारकंदत्वापरितोष्यनृपश्चतौ ॥
पुरस्कृत्यवणिक्पुत्रोवचसातोपयद्भृशं ॥ ४९ ॥

વસ્ત્ર અને ઘરેણું વિગેરે પેહેરાવી સંતોષીત કર્યા અને એ બેઉ જણાને પોતાની પાસે બેસારી સારૂં ભાષણ તેમની સાથે કરી ઘણોજ સંતોષ પમાડયો. ॥ ૪૯ ॥

पुरानीतंतुवद्द्रव्यंगुणीकृत्यदत्तवान् ॥
प्रोवाचतौततौराजागच्छसाधोनिजाश्रमं ॥ ५० ॥

અને એ બેઉનું પ્રથમ જેટલું ધન્ય હરણ કર્યું હતું તેથી બમણું તેને આપ્યું અને ચંદ્રકેતુ રાજા કહેવા લાગ્યો કે હે જમાઈ સાથે વણિયા ભાઇ હવે તમો પોતાને ઘેર જાઓ. ॥ ૫૦ ॥

राजानंप्रणिपत्याहगंतव्यंत्वत्प्रसादतः ॥ ५१ ॥

આ પ્રમાણે રાજાનો હુકમ થયા પછી તરત રાજાને સાધુવાણીયે વંદન કરીને બોલ્યો કે હવે હું આપના આશીરવાદથી મારે ઘેર જઇશ. ॥ ૫૧ ॥ ત્રીજો અધ્યાય સમાપ્ત ॥

सूतउवाच ॥ यात्रांतुकृतवान्साधुमंगलायनपुर्विकां
ब्राह्मणेभ्यधनंदत्वातदातुनगरंययौ ॥ १ ॥

સુતજી કહેછે આ પ્રમાણે સાધુવાણીયાએ મંગળવારી જાત્રા કરીને રાજા પાસેથી મળેલા ધન્યમાંથી થોડુંક બ્રાહ્મણોને ધન્ય વેહેચી આપીને પોતાના નગરવિશે આવવા સારૂ નિકળ્યો ॥૧॥

कीयद्दूरेगतेसाधौसत्यनारायणःप्रभुः ॥
जिज्ञासांकृतवान्साधोकिमस्तितवनौस्थितं ॥ २ ॥

ઘણે એક દુર સાધુવાણીયાનું વહાણ દરીયામાં જઈ એક ઠેકાણે લંગર કરેલું એવું જોઇ ભગવાન શ્રી સત્યનારાયણ પ્રભુને સાધુ વાણીયાને તારા વાહાણમાં શું છે એ પુછવાની ઇચ્છા થઈ ॥૨॥

ततोमहाजनौमत्तौहेलयाचप्रहस्यवै ॥
कथंपृच्छसिभोदंडीन्मुद्रांनेतुंकिमिच्छसि ॥ ३ ॥

અને પરબ્રહ્મ ભગવાન શ્રી સત્યનારાયણ દેવ સન્યાસી બાવાનું રૂપ લઇ જે ઠેકાણે સાધુવાણીયાએ વહાણ લંગર કર્યું હતું ત્યાં આવી એ બેઉ જણાને પુછેછે કે તમારા વહાણમાં શું છે? એ સન્યાસી બાવાનો પ્રશ્ન સાંભળીને આ બંધીખાનેથી હમણાંજ છુટેલા મસ્ત વાણીયાના પુત્ર એમણે એ સન્યાસી બાવાની મસ્કરી કરીને કહેવા લાગ્યા કે હે સન્યાસી બાવા આપ અમારા રૂપિયા લઈ જવા ઇચ્છો છો કે શું? ॥ ૩ ॥

लतापत्रादिकंचैवतर्ततेतरणौमम ॥
निष्ठुरंचवचःश्रुत्वासत्यंभवतुतेवचः ॥ ४ ॥

આવી રીતે પ્રથમ તેની મસ્કરી કરી કહે છે કે મારા વહાણમાં વેલા તથા પાંદડાં વિગેરે ભરેલાં છે એવું તેમનું કઠોર ભાષણ સાંભળી ભગવાન શ્રી સત્યદેવે કહ્યું કે તારૂં વચન સત્ય હોજો ॥૪॥

एवमुक्त्वागतःशीघ्रंदंडीतस्यसमीपतः ।
कियद्दूरेततोगत्वास्थितःसिंधुसमीपतः ॥ ५ ॥

આ પ્રમાણે ભાષણ કરીને આવેલો સન્યાસી સાધુવાણીયાથી આઘે જઇ દરિયા કિનારેજ ઉભો રહ્યો. ॥ ૫ ॥

गतेदंडिनिसाधुश्चकृतनित्यक्रियस्तदा ॥
उत्थितस्तरणींदृष्ट्वाविस्मयंपरमंययौ ॥ ६ ॥

સન્યાશી ચાલ્યો ગયો એવુ જોઇને સાધુવાણીયો પોતાનું ખાવું પિવુ વિગેરે નિત્ય કૃત કરી રહી જુવેછે તો વાહાણ પાણી ઉપર તરવા લાગ્યું આ ચમત્કાર જોઈને સાધુવાણિયો ઘણોજ વિસ્મય થયો ॥૬॥

दृष्ट्वाल्लतादिकंचैवमूर्च्छितोन्यपतद्भुवि ॥
लब्धसंज्ञोवणिक्पुत्रस्ततश्चिंतान्वितोऽभवत् ॥ ७ ॥

અને વાહાણમાં જુવેછે તો બધા વેલા તથા પાંદડાં જોયાં તે જોઈને એકદમ શોકથી ભોંય ઉપર પડયો ને તે પછી ઘણીક વારે શુદ્ધિ ઉપર આવ્યો અને ચિંતા કરવા લાગ્યો ॥ ૭ ॥

तदातुदुहितुःकांतोवचनंचेदमब्रवीत् ॥
किमर्थंक्रियतेशोकःशापोदत्तश्चदंडिना ॥ ८ ॥

એટલામાં તેનો જમાઈ એવું બોલ્યો કે તમે શા માટે ફિકર કરોછો તમોને હમણાંજ આવેલા સન્યાસી સાધુએ શ્રાપ આપ્યો તેથી કરીને એવું થયું. ॥ ૮ ॥

शक्यतेतेनसर्वंहिकर्तुंचात्रनसंशयः ॥
अतस्तच्छरणंयामोवांछितार्थोभविष्यति ॥ ९ ॥

અને તેના બોલવાથી આ પ્રમાણે થશે એમાં કાંઇ પણ સંદેહ નથી એ માટે આપણે તેમને શરણે જઇએ એટલે આપણું ધારેલું

કામ સિદ્ધ થશે. ॥ ૯ ॥

जामातुर्वचनंश्रुत्वातत्सकाशंगतस्तदा ॥
दृष्ट्वाचदंडिनंभक्त्यानत्वाप्रोवाचसादरं ॥ ॥ १० ॥

એવું જમાઈનું બોલવું સાંભળીને સાધુવાણીઆએ સંન્યાશી જ્યાં હતો ત્યાં તેની પાસે જઈને સાષ્ટાંગ નમસ્કાર કરીને ભક્તિ પુર્વક આદરસત્કારથી બોલે છે કે ॥ ૧૦ ॥

क्षमस्वचापराधंमेयदुक्तंतवसान्निधौ ॥
एवंपुनःपुनर्नत्वामहाशोकाकुलोऽभवत् ॥ ११ ॥

હે યતિશ્વર મહારાજ મારા અપરાધની ક્ષમા કરો એવું વારેઘડીયે કહેછે કે જે હું આપની પાસે બોલ્યો તેની ક્ષમા કરો એવું બોલી ઘણા શોકથી આકુળ વ્યાકુળ થયો. ॥ ૧૧ ॥

प्रवोच्चवचनंदंडीविलपंतंविलोक्यच ॥
प्रारोदीःश्रृणुमद्वाक्यंममपूजबहिर्मुखः ॥ १२ ॥

એવું જોઈને તે યતિશ્વર સન્યાસી કહેછે અરે હે વાણીયા તું રો માં તુ મારી પુજાથી બહિર્મુખ થયો. ॥ ૧૨ ॥

ममाज्ञयाचदुर्बुद्धेलब्धंदुःखंमुहुर्मुहुः ॥
तच्छ्रुत्वाभगवद्वाक्यंस्तुतिंकर्तुंसमुद्यतः ॥ १३ ॥

અને હે દુષ્ટ બુદ્ધિવાળા તને મારી આજ્ઞાથીજ ઘણાં દુઃખો ભોગવવાં પડયાં એવું પરબ્રહ્મ ભગવાનનું વાક્ય સાંભળીને સાધુવાણિયો શ્રી સત્યદેવની વિનતિ કરવા લાગ્યો ॥ ૧૩ ॥

साधुरुवाच । त्वन्मायामोहिताःसर्वेब्रह्माद्यास्त्रिदिवौकसः ॥ नजानंतिगुणान्रूपंतवाश्चर्यमिदंप्रभो ॥ १४ ॥

સાધુવાણિયો કહેછે હે દેવ આપની માયાથી બ્રહ્માદિ સર્વે

દેવ મોહીત થાયછે અને એ દેવ છતાં પણ હે પ્રભુ આપના રૂપ ગુણ આદિ વૈભવ જાણતા નથી એ મોટું આશ્ચર્ય જેવું છે. ॥૧૪॥

मूढोऽहंत्वांकथंजानेमोहितस्तवमायया ॥
प्रसीदपूजयिष्यामियथाविभवविस्तरैः ॥ १५ ॥

હું તો એક પામર માણસ અને તારૂં મારૂં આ માયા જાણનારોછું આપને કયાંથી જાણું એવો હું અજ્ઞાન તે માટે મારા ઉપર પ્રસન્ન થાઓ પછી હું આપની મારી સંપત્તિની વડાઈ પ્રમાણે વિધી વિધાનથી પુજા કરીશ. ॥ ૧૫ ॥

पुरावित्तंचतत्सर्वंत्राहिमांशरणागतं ॥
श्रुत्वाभक्तियुतंवाक्यंपरितुष्टोजनार्दनः ॥ १६ ॥

હું મારા વહાણમાં ધન્ય વિગેરે છતાં કપટ ભાવથી ખોટુ બોલ્યો એ માટે હે ઈશ્વર તેથકી મારૂં રક્ષણ કરનાર આપ સમર્થ છો એવુ ભકિતભાવનું સાધુવાણિયાનું વચન સાંભળીને ભગવાન શ્રી સત્યદેવ સંતોષ પામ્યા અને એ સાધુવાણિયાને તેને મન વાંચ્છિત ફળ આપી ભગવાન અંતરધ્યાન થયા. ॥ ૧૬ ॥

वरञ्चवांछितंदत्वातत्रैवातरधेहरिः ॥
ततोनावंसमारुह्यदृष्ट्वावित्तप्रपूरितां ॥ १७ ॥

એટલામાં સાધુવાણિયો જુવેછે તો પોતાનું વાહાણ પ્રથમ પ્રમાણે ધનથી ભરેલું છે. ॥ ૧૭ ॥

कृपयासत्यदेवस्यसफलंवांछितंमम ॥
इत्युक्त्वास्वजनैःसार्द्धंपूजांकृत्वायथाविधि ॥ १८ ॥

આવું આશ્ચર્ય જોતાંજ સાધુવાણિયો કેહેછે શ્રી સત્યદેવના પ્રસાદથકી મારૂ ઇચ્છીત પુર્ણ થયું એવું બોલી ત્યાંજે તેના સગાવહાલા હતા તે સાથે યથાવિધિ શ્રી સત્યદેવનું પુજન કર્યું. ॥ ૧૮ ॥

हर्षेणचाभवत्पुर्णःसत्यदेवप्रसादत ॥
नावंसंयोज्ययत्नेनस्वदेशगमनंकृतम् ॥ १९ ॥

તે પછી એ સાધુવાણિયો સત્યદેવની કૃપાથી સુખી થયો અને વાહાણ તૈયાર કરાવી પોતાને દેશ જવા સારૂ નીકળ્યો. ॥ ૧૯ ॥

साधूर्जामातरंप्राहपश्यरत्नपुरीममम ॥
दूतंचप्रेपयामासनिजवित्तस्यरक्षकं ॥ २० ॥

વહાણમાં બેઠેલા જમાઇને સસરો કહેછે કે હે જમાઈરાજ મારી રત્નસારપુરી નગરી દેખાયછે તે જુવો એવું કહીને પોતાને ધનનું રક્ષણ કરનારા સિપાઇઓમાંથી એક સિપાઈને પોતાને ઘેર પોતે આવ્યાનું વર્તમાન કેહેવા સારૂ મોકલ્યો. ॥ ૨૦ ॥

दूतोऽसौनगरंगत्वासाधुभार्याविलोक्यच ॥
प्रोवाचवांच्छितंवाक्यंनत्वाबधांजलिस्तदा ॥ २१॥

એ વાહાણમાંથી ઉતરેલા સિપાઇય રત્નસારપુરી નગરમાં જઈ સાધુવાણિયાને ઘેર સાધુવાણીયાની સ્ત્રીને જોઈને તેની આગળ હાથ જોડયા તે વખતે સ્ત્રી પોતાના સ્વામી તથા જમાઈ આવવાની ઇચ્છા કરતી હતી. ॥ ૨૧ ॥

निकटेनगरस्यैवजामात्रासहितोवणिक ॥
आगतोबंधूवर्गैश्चवित्तैश्चबहुभिर्युतः ॥ २२ ॥

તેજ એ સિપાઇએ કહ્યું કે આપના સ્વામી આપના નગરની સમીપમાં જમાઈ તથા બંધુ વર્ગ સાથે ઘણુ ધન કમાઇને આવ્યાછે.૨૨

श्रुत्वादूतमुखाद्वाक्यंमहर्षवतीसती ॥
सत्यपूजाततःकृत्वाप्रोवाचतनुजांप्रती ॥ २३ ॥

એ સિપાઇના મોંનુ બોલવુ સાંભળીને એ સતી વાણિયાની સ્ત્રી ઘણીજ હર્ષમાન થઈ અને શ્રી સત્યદેવનું તેજ વખતે પુજન કરી પોતાની કન્યાને કહેવા લાગી. ॥ ૨૩ ॥

व्रजामिशीघ्रमागच्छसाधुसंदर्शनायच ॥
इतिमातृवचःश्रुत्वाव्रतंकृत्वासमाप्यच ॥२४॥

કે હે માહારી વાહાલી કન્યા હું સ્વામીના દર્શન માટે પ્રથમ જાઉછું તું તારા બાપનું દર્શન કરવા આવ એવું માનું વચન સાંભળીને કલાવતી કન્યાએ શ્રી સત્યનારાયણના વૃતની સમાપ્તી કરી ॥ ૨૪ ॥

प्रसादंचपरित्यज्यगतासापिपतिंप्रति ॥
तेनरुष्टःसत्यदेवोभर्तारंतरणींतथा ॥२५॥

અને પ્રસાદ લીધાવગર પોતાના સ્વામીનું દર્શન કરવા તત્પર થઇને તરત ગઇ તે અપમાને કરીને શ્રી સત્યદેવ તેના ઉપર કોપાયમાન થયા અને તેનો સ્વામિ જે વાહાણમાં હતો તેમાંજ બધુ ધન હતું તેજ વાહાણ જમાઇ ધન સાથે ॥ ૨૫ ॥

संहृत्यचधनैःसर्द्धजलतस्यावमज्जयन् ॥
ततःकलावतीकन्यानाविलोक्यनिजंयाति॥२६॥

દરિઆમાં અદ્રશ્ય થઇ ગયું તે પછી ઘણી જ જલદીથી આવેલી કલાવતી કન્યાએ પોતાના સ્વામિને દીઠો નહીં. ॥ ૨૬ ॥

शोकेनमहतातत्ररुदतीचापतद्भुवि ॥
दृष्ट्वातथाविधानावंकन्यांचबहुदुःखितां ॥२७॥

તે ઉપરથી તેને એટલું તો દુઃખ અને શોક થયો કે જેમ પવનથી કેળનું ઝાડ એકદમ ભોંય ઉપર પડે છે તેમ એ એકાએક રોતીરોતી ભોંય ઉપર પડી આ પ્રમાણે વાહાણના તથા કન્યાના હેવાલ જોઇ ૨૭

भीतेनमनसासाधुःकिमाश्चर्यमिदंवेत् ॥
चिंत्यमानाश्चतेसर्वेबभूवुस्तरिवाहकाः ॥२८॥

ગભરાઈ ગયેલા મનનો સાધુવાણિયો કેહે છે કે આ શું આ-

શ્ચર્ય છે તેમ વાહાણવાળા પણ ગભરાઇ ગયા. ॥ ૨૮ ॥

ततोलीलावतीकंन्यांदृष्ट्वाविसविहलाभवत् ॥
विललापातिदुःखेनभर्तारंचेदमब्रवीत् ॥२९॥

પછી લીલાવતી પોતાની કન્યા ભયભીત થયેલી જોઈ દુઃખથી ઘણોજ વિલાપ કરી પોતાના સ્વામીને કહે છે. ॥ ૨૯ ॥

इदानींनौकयासार्द्धंकथंसोऽभूदलक्षितः ।
नजानेकस्यदेवस्यहेलयाचैवसाहृता ॥३०॥

જોતાં જોતાંમાં વાહાણોમાં આપણો જમાઈ વાહાણ સાથે અદ્રશ્ય થઈ ગયો એતો કાંઈપણ કારણ છે અથવા કોઈ દેવનો અપરાધ થવાથી એ દેવે એ વહાણ હરણરૂપ અદ્રશ્ય કર્યું હોય

सत्यदेवस्यमाहात्म्यंज्ञातुंवाकेनशक्यते ।
इत्युक्त्वाविललापैवततश्चस्वजनैःसह ॥३१॥

અથવા શ્રી સત્યદેવનું મહાત્મ જાણવાને કોણ શક્તિમાન છે એવું કહીને ઘણા લોકો મળીને ઘણો શોક કરી રડવા લાગી. ૩૧

ततोलीलावतीकन्यांक्रोडेकृत्वारुरोदह ।
ततःकलावतीकन्यानष्टेस्वामिनिदुःखिता॥३२॥

અને પછી પોતાની કન્યા કલાવતીને ખોળે બેસાડી ઘણા વખત સુધી દુઃખથી રડવા લાગી તે જોઇ કલાવતીએ પોતાનો સ્વામી મરી ગયો છે એવું ધારીને ॥ ૩૨ ॥

गृहीत्वापादुकांतस्याऽनुगंतुंयमानोदधे ।
कन्याजश्चरितंदृष्ट्वासभार्यःसज्जनोवणिक्॥३३॥

પોતાના સ્વામીની પાદુકાઓ લેઇ તે સાથે પોતે સતી થવાને તૈયાર થઇ એ કન્યા કલાવતી પોતાના સ્વામીની પાદુકાઓ સાથે બળી મરવાનો નિશ્ચય જોઇ સ્ત્રી સાથે સાધુવાણિયો ॥૩૩॥

अतिशोकेनसंतप्तश्चिंतयामासधर्मवित् ।
हृतंवासत्यदेवेनभ्रांतोहंसत्यमायया ॥३४॥

ઘણા શોકથી ત્રાસ પામેલો એવો ધમ વિચારથી ચીંતા ક-
રીને બોલે છે શું ? શ્રી સત્યદેવે તો એનું હરણ કર્યું નહીં હોય
અને તેમની માયાથકી મોહીત થઇને તો વ્રત હું જાણતો નથી ૩૪

सत्यपूजांकरिष्यामियथाविभवविस्तरैः ।
इतिसर्वान्समाहूयकथयित्वामनोरथं ॥३५॥

તો આ કામને વાસ્તે ઘણુંજ ધન્ય ખરચીને એ શ્રી સત્યદેવનું
વ્રત કરીશ એવું બધાજણને પાસે બોલાવી પોતાનો મનોરથ કહ્યો.

नत्वाचदंडवद्भूमौसत्यदेवंपुनःपुनः ।
ततस्तुष्टःसत्यदेवोदीनानांपरिपालकः ॥३६॥

અને શ્રી સત્યદેવને વારેઘડીયે દંડજેવા નમસ્કાર કરવા લાગ્યો
એવો એ સાધુવાણીયો અન્ય ભાવથી શ્રી સત્યદેવને શરણે ગયો તેથી
શ્રીસત્યદેવ જેદીનજનોને પાળવાનો સમશેર ફેરવનારા તેસંતુષ્ટ થયા.

जगादवचनंचैनंकृपयाभक्तवत्सलः ।
त्यक्त्वाप्रसादंतेकन्यापतिंद्रष्टुंसमागता॥३७॥

આકાશમાંથી અશરીર વાણીથી સાધુવાણીયાને ભકતવત્સલ ભગવા
ન કૃપાથી કહેવા લાગ્યાકે અરે સાધુવાણીયા તારીકન્યા મારૂ પુજન ક
રી પ્રસાદખાધાવગર પોતાના સ્વામીના મોહથી ઉતાવળીથતીઆવી.

अतोऽदृष्टोऽभवत्तस्याःकन्यकायाःपतिर्ध्रुवम् ।
गृहंगत्वाप्रसादंचभुक्त्वासयातिचेत्पुनः॥३८॥

આ કારણથી તેનો સ્વામી આ સમુદ્રમાં અદ્રશ્ય થયો છે એમાં

કાંઇ સંદેહ નથી તે માટે જો એ ઘેર જઈ પ્રસાદ ખાઈ પાછી આવશે.

लब्धभर्त्रिसुतासाधोर्भविष्यतिनसंशयः ।

कन्यकाताहृशंवाक्यंश्रुत्वागगनमंडलात् ॥३९॥

તો આ તારી કન્યા તેના સ્વામીને જોશે એમાં લગારે પણ તું સંદેહ માનીશ નહીં ॥ ૩૯ ॥

क्षिप्रंतदागृहंगत्वाप्रसादंचबुभोजसा ।

सापश्चात्पुनरागत्यददर्शसजनंपति ॥४०॥

એવા અશરીર આકાશાંમાંના વાકયા સાંભળતાં વારજ કલાવતી જલદીથી પોતાને ઘેર જઇ પ્રસાદ ખાઇ પછી પોતાને ઠેકાણે આવીને જુવેછે તોતેજ વખતે સ્વજન અને પોતાનો સ્વામિ તેની નજરે પડયો-

ततःकलावतीकन्याजगादपितरंप्रति।

इदानींचगृहंयाहिविलंबकुरुषेकथं ॥४१॥

તે પછી એ કલાવતી કન્યા પોતાના બાપને કહે છે કે હે તાત હવે જલદા આપને ઘેર પધારો શામાટે વિલંબ કરો છો. ॥૪૧॥

तच्छ्रुत्वाकन्यकावाक्यंसंतुष्टोऽभुद्वाणिक्सुतः ।

पूजनंसत्यदेवस्यकृत्वाविधिविधानतः ॥४२॥

એવું કન્યાનું મધુર ભાષણ સાંભળીને સાધુવાણીયો આનંદ પામ્યો અને પછી વિધી વિધાનથી શ્રી સત્યદેવનું પુજન કર્યું ॥૪૨॥

धनैर्बंधुगणैःसार्द्धंजगामनिजमंदिरं ।

पौर्णमास्यांचसंक्रांतौकृत्वान्सत्यपूजन ॥४३॥

અને ઘણું ધન્ય અને પોતાના સગાવાહાલા ઈષ્ટમિત્ર સાથે પોતાને ઘેર આવ્યો અને તે પછી દરેક પુનમે સૂર્ય સંક્રાંતિને દીવસે શ્રી સત્યદેવનું પુજન કરતો ॥ ૪૩ ॥

इहलोकेसुखंभुक्त्वाचांतेसत्यपुरंययौ ॥४४॥

તે થકી એ સાધુવાણીયો આ મનુષ્ય લોકમાંનાં સર્વ સુખ ભોગવી અને મરણ પછી શ્રી સત્યપુરને વિશે ગયો ॥ ૪૪ ॥

ચોથો અધ્યાય સમાપ્ત.

सुतउवाच॥अथान्यच्चप्रवक्ष्यामिश्रृणुध्वंमुनिसत्तमाः॥
आसीत्तुंगध्वजोराजाप्रजापालनतत्परः ॥१॥

સુતજી કહેછે હે મુનીશ્રેષ્ટજી શ્રી સત્યદેવ વિશે એથી પણ બીજો એક ઈતિહાસ કહુંછું તે સાંભળો પુર્વે અંગધ્વજ નામનો રાજા પ્રજાનું પાલણ કરવાને તત્પર એવો હતો ॥ ૧ ॥

प्रसादंसत्यदेवस्यत्यक्त्वादुःखमवापस ।
एकदासवनंगत्वाहत्वाबहुविधान्पशून् ॥२॥

એ રાજાએ શ્રી સત્યદેવનો પ્રસાદ છાંડયો આ દોષથી ઘણોજ દુઃખ પામ્યો તે એવું કે એક દીવસે તે રાજા હરણનો શિકાર કરવા વનમાં જઈ ઘણા પશુને મારી ॥ ૨ ॥

आगत्यवटमूलंचदृष्ट्वासत्यस्यपूजनं ।
गोपाःकुर्वंतिसंतुष्टाभक्तियुक्ताःसबांधवाः ॥३॥

એક વડના ઝાડના થડ નજીક આવ્યો અને શ્રી સત્યદેવનું પુજન થતું તેણે જોયું એ પુજન ગોપગણ એટલે ગોવાળીયા સરવે પોતાના ભાઈબંધો સાથે ભકિતથી કરતા હતા. ॥ ૩ ॥

राजदृष्ट्वातुदर्पेणनगत्वातनंनामसः ।
ततोगोपगणाःसर्वेप्रसादंनृपसन्निधौ ॥४॥

તે જોઈને પણ રાજા તેમની પાસે ગયો નહી તેમ દુરથી પણ તેણે નમ્રતાથી નમસ્કાર કર્યો નહી તોપણ એ ગોપગણોએ પુજન

કર્યા પછી પ્રસાદ દાજાની પાસે મુકી. ॥ ૪ ॥

संस्थाप्यपुनरागत्यभुक्त्वासर्वेयथेप्सितं ।
ततःप्रसादंसंत्यज्यराजादुःखमवापसः ॥५॥

બધા પાછા આવ્યા અને પ્રસાદ ખાઇ પરમ આનંદમાં રહ્યાં આ ભીગમ રાજાએ એ પ્રસાદ ન લેતાં ત્યાંજ રેહેવા દીધેલો એ કારણથી એ ઘણુંજ દુખ પામ્યો. ॥ ૫ ॥

तस्यपुत्रशतंनष्टंधनधान्यादिकंचयत् ।
सत्यदेवेनतत्सर्वंनाशितंममनिश्चितं ॥६॥

તેના સો પુત્ર મરી ગયા ધન ધાન્ય ઇત્યાદિ જે કાંઇ હતું તે બધું જતુ રહ્યું ત્યારે તે રાજાને મનમાં વિચાર ઉત્પન્ન થયો કે મારૂ આ સર્વ શ્રી સત્યદેવેજ નિશ્ચય હરણ કર્યું છે. ॥ ૬ ॥

अतस्तत्रैवगच्छामियत्रदेवस्यपूजनं ।
मनसातुविनिश्चित्यययौगोपालसन्निधौ ॥७॥

એ માટે હવે જયાં શ્રી સત્યદેવનું પુજન હશે ત્યાંહું જઇશએવું મનમાં લાવીને રાજા ગોપગણ પાસે આવ્યો. ॥ ૭ ॥

ततोऽसौसत्यदेवस्यपूजांगोपगणैःसह ।
भक्तिश्रद्धान्वितोभूत्वाचकारविधिनानृपः ॥८॥

ભકિતથી એ ગોપગણ સાથે શ્રીસત્યદેવનું પુજન કરવાલાગ્યો. ૮

सत्यदेवप्रसादेनधनपुत्रान्वितोऽभवत् ।
इहलोकेसुखंभूक्त्वाचांतेसत्यपुरंययौ ॥९॥

તે પછી શ્રી સત્યદેવના પ્રસાદથી એ રાજા ધન તથા પુત્રવાન થયો અને આ મનુષ્ય લોકમાંના સર્વેસુખ ભોગવીને અંતેસત્યપુરનેવિશેગયો.

यइदंकुरुतेसत्यव्रतंपरमदुर्लभ ।
शृणोतिचकथांभक्तियुक्तःफलप्रदां ॥१०॥

આવું આ ઘણું દુર્લભ શ્રી સત્યનારાયણનું વૃત જે કોઇસ્વીકારે છે અથવા જે કોઇ ભકિતપુર્વક પુણ્ય અને ફળ આપનાર આવી આ શ્રી સત્યનારાયણનીકથા સાંભળે છે ॥ ૧૦ ॥

धनधान्यादिकंतस्मभवेत्सत्यप्रसादतः ।
दरिद्रोलभतेवित्तंवद्धोमुच्येतबंधनात् ॥११॥

તેને ભગવાન શ્રીસત્યદેગના પ્રસાદથી ધન ધાન્ય વિગેરે સંપત્તી પ્રાપ્ત થાય છે દરિદ્રી હોય તેને ધનલાભ થાય છે બંદીખાને પડયો હોય તો તેથી મુકત થાય છે. ॥ ૧૧ ॥

भीतोभयात्प्रमुच्येतसत्यमेवनसंशयः ।
ईप्सितंचफलंमुक्त्वाचांतेसत्यपुरंव्रजेत॥१२॥

જેને ભય પ્રાપ્ત થયું હોય તોતે ભયથકી મુકતથાય આ સત્યછે આમાં કાંઇપણ સંદેહ નથી શ્રીસત્યદેવનું વૃત કરનારો માણસ આ લોકને વિશે સર્વે સુખ ભોગવીને અંતે સત્યપુર એટલે વૈકુંઠને વિશે જાય છે.

इतिवःकथितंविप्राःसत्यनारायणव्रतं ।
यत्कृत्वासर्वदुःखेभ्योमुक्तोभवतिमानवः ॥१३॥

સુતજી કહેછે હે શૌનકઆદી રૂપીઓ આ પ્રમાણે આપને શ્રી સત્યનારાયણનું વ્રત કર્યાથકીમાણસ સર્વદુઃખથકીમુકત થાયછે॥૧૩॥

विशेषतःकलियुगेसत्यपूजाफलप्रदा ।

केचित्कालंवदिष्यंतिसत्यमीशंतमेवच ॥१४॥

તેમાં મુખ્યત્વે કરીને આ ઘોર કલિયુગમાંફળ આપનારી આ શ્રી સત્યદેવની પુજાજ સમર્થ છે કેટલાએક દિવસસુધી આ સત્યનારાયણને (સત્યઈશ) એવું કહે છે. ॥ ૧૪ ॥

सत्यनारायणंकेचित्सत्यदेवंतथापरे ।

नानारूपधरोभूत्वासर्वेषामीप्सितप्रदः ॥१५॥

કોઇ સત્યનારાયણ કોઈ સત્યદેવ એવુ તેને કહેછે પણ એ ભગવાન અનેકરૂપ ધારણ કરીનેસર્વજીવમાત્રના ઇચ્છિતફળ આપનારા ॥૧૫॥

भविष्यतिकलौसत्यव्रतंरूपीसनातन ॥

यइदंपठतेनित्यंशृणोतिमुनिसत्तमाः ॥१६॥

તેકલિયુગને વિશેતો સનાતન એટલે ચિરકાળ વ્રતરૂપી એવો થશે આસત્યનારાયણ વ્રતકથાનોજેકોઇનિત્ય પાઠ અગર શ્રવણ કરેતો તેને સુતજી કહેછે હેશૌનક આદી મુનીઓ શ્રીસત્યદેવના પ્રસાદથી સર્વ પાપો જતાં રહે છે. ॥ ૧૬ ॥

सत्यंनश्यंतिपापानिसत्यदेवप्रसादतः ।

इतिश्रीस्कंदपुराणेरेवाखंडेश्रीसत्यनारायणव्रतकथायां पंचमोऽध्यायः ॥५॥

॥ श्रीसत्यनारायणार्पणमस्तु शुभंभवतु ॥

કથાઓના પૂસ્તકો.

પુસ્તકોનાં નામ			કિ
ભારતસાર મોટું (વલ્લભ કૃત.)	...	...	
ભારતસાર નાનું (દુર્ગાશંકર કૃત)	...	...	
પ્રહ્લાદ આખ્યાન (પ્રેમાનંદ કૃત.)	...	...	
નળાખ્યાન (પ્રેમાનંદ કૃત.)	...	...	
ધ્રુવાખ્યાન.	...	...	
ઓખાહરણ નાનું (પ્રેમાનંદ કૃત.)	...	...	
ચકાવો મોટો (વલ્લભ કૃત.)	...	...	૦—૫
ચકાવો નાનો	...	...	૦—૩
ગીરધર કૃત રામાયણ મોટું (શીલા છાપનું)		...	૩—૮
ગીરધર કૃત રામાયણ મોટા ટાઇપનું.	...	...	૧—૦
ગીરધર કૃત. (ગ્રેટ બલાક ટાઇપમાં)	...	...	૦—૬
રામાશ્વમેધ (ગણપતરામ કૃત.)	...	...	૧—૦
ગીરધર કૃત કૃષ્ણચરીત્ર (ગોકુળ લીલા, મથુરા લીલા, દ્વારકાં લીલા. દશમસ્કંદ.)	...	...	૧—૦
સુરેખા હરણ (વલ્લભ કૃત)	...	...	૦—૮
શિક્ષાસાર સંગ્રહ.	...	...	૦—૭
મત્સ્યવેધ (વલ્લભ કૃત.)	...	...	૦—૮
પાંડવોની બાંજગડ.	...	...	૨—૦
[illegible] આખ્યાન (રેવાશંકર કૃત.)	...	...	૧—૨
અંગદવીષ્ટિ.	...	...	૦—૩
તુળસીવીવાહ.	...	...	૦—૨
લવકુશ આખ્યાન.	...	...	૦—૧

ભાઈ પરસોતમ મુળચંદ ઠે. ગુલાલવાડીને નાકે. મુંબાઇમાંથી મળશે.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે, બુકસેલર.

પુસ્તકાલય—અમદાવાદ.